બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડને સુદૃઢ બનાવવા બાબત.

---

સને.૨૦૦૮-૦૯ના વર્ષ માટેની રૂ.૪/-લાખની નવી બાબતની વહીવટી મંજુરી.

(24)

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ નં.અપબ/૧૩૦૭/ન.બા.૧૧/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 29 MAR 2008

**વંચાણે લીધા :-**

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૮-૧-૦૮નો પત્ર ક્રમાંકઃ-અજાક/મ/પ/૦૮/૩૨૨.

(૨) બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડનો તા.૧-૩-૦૮નો પત્ર ક્રમાંકઃ-બે.સ્વા.અ.પ.જા.વિ.બોર્ડ/૦૮/૬૨ થી ૬૩.

**ઠરાવ :-**

આમુખ ક્રમાંક (૧) અને (૨)માં દર્શાવેલ પત્રોથી બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડને સુદૃઢ કરવા માટે નવી ૪ જગ્યાઓ મંજુર કરવા મળેલ દરખાસ્ત અન્વયે સને.૨૦૦૮-૦૯ના વર્ષના બજેટમાં મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ-૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ ૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને સહાય પેટા સદર (૩) બીસીકે-૪૧ હેઠળ રૂ.૪/-લાખની નવી બાબત તરીકે જોગવાઇ કરવામાં આવેલ છે.

આ નવી બાબતને વહીવટી મંજુરી આપવા અને તે માટે નવી ૪ જગ્યાઓ મંજુર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે ઉકત નવી બાબત માટે થયેલ બજેટ જોગવાઇ પરત્વે ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે અને તે સંદર્ભે પ્રથમ તબક્કે નીચે દર્શાવેલ ૩ જગ્યાઓ ઉભી કરવાની અને સુચવ્યા મુજબની પધ્ધતિ અનુસાર જ આ જગ્યાઓ ભરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

૩/૫/૦૮

॥૨॥

ગુજરાત અતિ પછાત જાતિ
વિકાસ બોર્ડ

૨૩૬

| ક્રમ | હોદ્દો | જગ્યા ની સંખ્યા | પગાર ધોરણ | જગ્યા ભરવાની પધ્ધતિ. |
|---|---|---|---|---|
| ૧. | મેનેજર (વહીવટ) વર્ગ-૨ | ૧ | ૬૫૦૦-૧૦,૫૦૦ | ભરતીના નિયમો મુજબ સીધી ભરતી/બઢતીથી ભરવાની રહેશે. |
| ૨. | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧ | - | આ જગ્યા રુ.૨૫૦૦/-ના માસિક મહેનતાણાથી ૧૧ માસના ધોરણે (સામેલ છે.) પરિશિષ્ટ-૧૮ પરની બોલીઓ અને શરતોને આધીન આઉટ સોર્સીંગથી ભરવાની રહેશે. |
| ૩. | પટાવાળા | ૧ | | નાણા વિભાગ પાસેના ફાજલ સ્ટાફમાંથી ભરવાની રહેશે. વિકલ્પે સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૧૧-૦૬ના ઠરાવ પ્રમાણે આ જગા આઉટ સોર્સીંગથી રુ.૧૫૦૦/-ની મર્યાદામાં ભરવાની રહેશે. |

મેનેજીંગ ડીરેકટરની એક જગ્યા સચિવશ્રીની જગ્યામાંથી અપગ્રેડ કરીને મંજુર કરવાના હવે પછી હુકમો કરવામાં આવશે.

**ઉપર દર્શાવેલ ત્રણ જગ્યાઓ નીચેની શરતોને આધીન ભરવાની રહેશે.**

(૧) સીધી ભરતીથી/બઢતીથી ભરવાની થતી જગાઓ ભરતી નિયમોનુસાર સીધી ભરતીથી બઢતીના ફાળે આવતી હોવાની શરતે સીધી ભરતીથી/બઢતીથી ભરવાની મંજુરી આપવામાં આવે છે.

(૨) આ જગાઓ ભરતી વખતે બેકલોગની ખાલી જગ્યાઓ ભરવાને અગ્રિમતા આપવાની રહેશે તથા અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે.

(૩) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના પ્રવર્તમાન ભરતી નિયમો નીતિ નિયમોની જોગવાઇ અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૪) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી 'નિયમોનુસાર ઉમેદવારે નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

|| ૩ ||.

(૫) રાજ્ય સરકાર ધ્વારા વખતો વખત નિયત થતા કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને તા.૧-૪-૦૮ પછી જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે.

(૭) પ્રથમ તબક્કે જગ્યાઓ તા.૨૮/૨/૦૯ સુધી ઉભી કરવાની મંજુરી આપવામાં આવે છે ત્યાર બાદ આ જગ્યાઓ વખતોવખત લંબાવવાની મંજુરી મેળવવાની રહેશે.

આ અંગે થનાર ખર્ચ બજેટ સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ-૦૧-અનુસૂચિત જાતિ કલ્યાણ-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને સહાય (૩) બીસીકે-૪૧ હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગની તા.૨૭-૩-૦૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.જે.પરમાર )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
-માન.મંત્રીશ્રી(સામાજિક ન્યાય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુ.રા.,ગાંધીનગર.
-જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
[illegible] જાતિ વિકાસ કોર્પો., ગાંધીનગર
-એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
-નાણા વિભાગ, ઝ-૧ શાખા, નવા સચિવાલય, ગાંધીનગર.
-નાણાં સલાહકારશ્રી(સામાજિક ન્યાય), નવા સચિવાલય, ગાંધીનગર.
-સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (બજેટ શાખા) સચિવાલય, ગાંધીનગર.
-સિલેકટ ફાઇલ.

પટેલ/૦૮/૨૭૬/